જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૮/૨૦૨૦ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૩૯૯/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૬૦ | ૧ | ૧૦૩૬૧ | ૧૬૪૪૨ | ૮ | ૧૬૪૫૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૭ | ૦ | ૪૩૩૭ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૫ | ૦ | ૪૫ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૬૨ | ૦ | ૧૪૦૬૨ | ૧૪૬૭૦ | ૫ | ૧૪૬૭૫ |
| કુલ | | ૨૮૮૦૪ | ૧ | ૨૮૮૦૫ | ૩૭૧૭૭ | ૧૩ | ૩૭૧૯૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૫ | ૭,૯૯,૨૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૪ | ૧,૪૪,000/- |

# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>નરોડા પોલીસ સ્ટેશનઃ-</u>

## <u>નજર ચુકવી મોબાઇલ કાઢી લઇ ચોરીનો ગુનો ડીટેક્ટ કરતી નરોડા પોલીસ ટીમ</u>

અમદાવાદ શહેરમા મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેરના હુકમથી સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર- ૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ નરોડા પોલીસ સ્ટેશનના પો.ઇન્સ. શ્રી જે.જી.પટેલ નાઓની સુચના મુજબ ભાગોળ પોલીસ ચોકીના પ્રો.પો.સ.ઇ. કે.બી.રાઠોડ તથા પો.સ.ઇ.એ.એન.ભટ્ટ તથા હે.કો. કમલેશગીરી રમેશગીરી બ.નં.- ૪૨૦૨ તથા લોક રક્ષક કેવલકુમાર લખાભાઇ બ.નં.- ૨૭૭ તથા લોકરક્ષક અલ્પેશકુમાર વિરજીભાઇ બ.નં- ૫૨૯ એ રીતેના સ્ટાફના માણસો સાથે નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમા નાઇટ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન <u>**હે.કો. કમલેશગીરી રમેશગીરી બ.નં. ૪૨૦૨ તથા લોક રક્ષક કેવલકુમાર લખાભાઇ બ.નં.- ૨૭૭**</u> નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) આશિષ ઉર્ફે હાગે સ/ઓ નૈનસિંહભાઇ જાતે રાજપુત ઉ.વ.- ૧૯ (જન્મ તા.- ૧૪/૧૦/૨૦૦૦) રહેવાસી.- મ.નં.- ૦૬, ગૌતમ ફ્લેટ, કડવાપાટીદારની વાડીની પાછળ નરોડા અમદાવાદ તથા (૨) જગદીશ ઉર્ફે ભુટીયો સ/ઓ કનુભાઇ જાતે ઠાકોર ઉ.વ.- ૧૮ (જન્મ તા.- ૨૦/૦૭/૨૦૦૨) રહેવાસી.- ઇન્ડીયન ગેસના ગોડાઉની બાજુમાં નરોડા જી.આઇ.ડી.સી. ગેટ નંબર ૦૫ની સામે નરોડા અમદાવાદ શહેર નાઓને આ કામે ચોરીએ ગયેલ મોબાઇલ ફોન સાથે પકડી પાડી <u>**તા.૧૮/૦૮/૨૦૨૦ ના કલાક ૨૦/૦૦ વાગે**</u> પકડી અટક કરી કાયદેસર કાર્યવાહી કરી નીચે મુજબનો ચોરીનો ગુનો ગણતરીના કલાકોમાં શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. **નરોડા પોલીસ સ્ટેશન પાર્ટ- એ ૧૧૧૯૧૦૩૫૨૦૨૨૦૧/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯,૧**





# સાયબર ક્રાઇમના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશનઃ-

## સાયબર ક્રાઇમના ગુનાના આરોપીને શોધી કાઢતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન તેમજ સુચના આધારે અમદાવાદ શહેરમાં ચોરી તથા સાયબર ક્રાઇમના ગુનાઓ અટકાવવા સારૂ અને બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ જરૂરી સુચનાઓ કરેલ જે અનુસંધાને અત્રેના નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ PART-A-11191065200773/2020ઇપીકો કલમ ૩૮૦ તથા ધી ઇન્ફર્મેશન ટેકનોલોજી ૨000ની કલમ ૬૬ સી,૬૭ મુજબના ગુનાના કામે ફરીયાદીના કામે ગઇ તા:૩૦/૦૭/૨૦૨૦ ના રાત કલાક ૧૧/00 થી તા:૩૧/૦૭/ ૨૦૨૦ ના રાત કલાક ૦૧/00 વાગ્યા દરમ્યાન ફરીયાદીના રહેણાંક મકાનના ખુલ્લા દરવાજા વાટે કોઇ અજાણ્યા ચોર ઇસમે ફરી.ના રહેણાંક મકાનમાં પ્રવેશ કરી ફરી.ની પથારી પાસે મુકેલ VIVO SMART Y19 મોબાઇલ ફોન જેની કિ.રૂ.૧૦,000/-ગણાય તે તથા ફરી.ના હેન્ડ પર્સમાં મુકેલ જુદાજુદા દરની ચલણી નોટો કુલ્લે કિ.રૂ.૨૧,૬00/-મળી કુલ્લે રૂ.૩૧,૬00/-ના મત્તાની ચોરી કરી લઇ જઇ ફરી.ના ચોરીમાં ગયેલ મોબાઇલના વોટશઅપ સીમકાર્ડ નંબરથી ફરી.ના ફ્રેન્ડ તથા ફરી.ના સ્ટાફના મહીલા કર્મચારીઓને ગંદા અને બિભત્સ મેસેજ કરતા જે બાબતે ફરીયાદી બહેનશ્રીની ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર એ.પી.ગઢવી નાઓએ તાત્કાલીક ફરીયાદ દાખલ કરી સર્વે.સ્કોડ ના પો.સ.ઇ.શ્રી જે.એસ. ચૌધરીનાઓ તથા સ્ટાફના માણસોની ટીમ બનાવી જરૂરી સુચના કરતા સદરી આરોપી સંજયકુમાર ઉર્ફે મિલન ઉર્ફે લાલો સન/ઓફ તુલસીભાઇ બેચરભાઇ જાતે પરમાર ઉ.વ.૨૪ રહે.મ.નં.૧૨ શ્રી દિપનગર રો હાઉસ ગોવિંદભાઇના મકાનમાં વ્રજભુમી સોસાયટી પાસે જયેશ ફેકટરીની સામે મોતીપુરા ચાર રસ્તા શાહવાડી નારોલ અમદાવાદ શહેરને બાતમી હકિકત આધારે ખુબજ ટુકા સમયગાળામાં પકડી પાડી તેની પુછપરછ કરતા સદર ગુનાની હકિકતનો એકરાર કરતા સદરી આરોપીની તા:૧૮/૮/૨૦૨૦ ના કલાક ૧૮/૩૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા ખુબ જ સારી અને પ્રશંશનીય કામગીરી કરેલ છે.

### ➢ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

- ઇ.પો.ઇન્સ એ.પી.ગઢવી નારોલ પોલીસ સ્ટેશન
- પો.સ.ઇ.જે.એસ.ચૌધરી સર્વે.સ્કોડ
- અ.હે.કો.હસમુખભાઇ ભાનુભાઇ બ.નં.૬૧૬૦
- અ.પો.કો.મહેશકુમાર બાબુલાલ બ.નં.૧૩૦૬૪
- અ.પો.કો.ગોવિંદસિંહ દિલિપસિંહ બ.નં.૧૦૧૫૭
- અ.પો.કો.કાનાભાઇ સુરાભાઇ બ.નં.૧૦૦૮૭
- અ.લો.ર. જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૮૮૬

### આરોપી નો ફોટો



# તડીપાર અટકાયતની વિગત

## વાસણા પોલીસ સ્ટેશનઃ-

મહે.પોલીસ કમિશ્નર શ્રી તથા ખાસ પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૭, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, એમ-ડીવીજન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન તેમજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એમ.એમ.સોલંકી વાસણા પોલીસ સ્ટેશન નાઓએ આપેલ સુચના આધારે અગાઉ વાસણા પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલા શરીર સંબંધી ગુનાઓમા પકડાયેલ આરોપી શાહનવાઝ ઉર્ફે દિલ્હી ઉર્ફે બિલ્લી મોહમદ ઇલીયસ અંસારી ઉ.વ.૨૩ રહે.રોનક પાર્ક, વેજલપુર પોલીસ ચોકી પાસે વેજલપુર અમદાવાદ શહેરનુ તડીપારનુ પ્રપોઝલ તૈયાર કરી મોકલી આપતા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “બી” ડીવીઝન અમદાવાદ શહેર નાઓની કચેરીના ગુપ્ત જાવક નં./બી ડીવી./હદપ/૪૮/૨૦૨૦ તા.૧૩/૦૮/૨૦૨૦આધારે અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ખેડા, મહેસાણા, ગાંધીનગર જીલ્લાઓની હદમાથી બે (૨) વર્ષ માટે હદપાર કરાવાનો હુકમ કરેલ જે આધારે સર્વેલેન્સ સ્કોડ પો.સબ.ઇન્સશ્રી એ.આર.સુર્યવંશી તથા સર્વેલેન્સ સ્કોડના કર્મચારીઓએ સદર તડીપાર ઇસમ ને લાવી પી.આઇ.પર્સનલમા સોપતા સદરી ઇસમને તા.૧૬/૦૮/૨૦૨૦ ના કલાક ૨૧/૦૦ વાગે તડીપાર હુકમની બજવણી કરી ૪૮ કલાક નો તૈયારી માટેનો સમય આપી આજરોજ તા.૧૮/૦૮/૨૦૨૦ ના રોજ સદરી હદપારી ઇસમને પો.ઇન્સ શ્રી પાલનપુર પુર્વ પોલીસ સ્ટેશન તા.પાલનપુર જી-બનાસકાઠા નાઓને સોપવા જરૂરી પોલીસ જાપતા સાથે મોકલી આપવામા આવેલ છે. તા:૧૮/૦૮/૨૦૨૦

બાતમી હકીકત આપનાર કર્મચારી-

(૧) અ.હે.કો લલીતભાઇ અરમરાભાઇ બ.નં-૮૧૮૦

(૨)અ.લો.ર ગૌતમભાઇ કાળુભાઇ બ.નં-૪૦૭૨

કામગીરી કરનાર કર્મચારીઓ

(૧)અ.પો.કો તુષારગીરી રાજેંદ્રગીરી બ.નં-૧૦૨૬૪

(૨)અ.પો.કો સંદિપ વિજયકુમાર બ.નં-૧૦૨૯૨

(૩)અ.પો.કો વિજયભાઇ બનાભાઇ બ.નં-૧૧૮૨૪

તડીપાર કરેલ ઇસમ



# પાસા અટકાયતની વિગત

## વાસણા પોલીસ સ્ટેશનઃ-

## મિલકત સંબંધી પાસા અટકાયતી ની ધરપકડ કરતી વાસણા પોલીસ

મહે.પોલીસ કમિશ્નર શ્રી તથા ખાસ પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૭, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, એમ-ડીવીજન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન તેમજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એમ.એમ.સોલંકી, વાસણા પોલીસ સ્ટેશન નાઓએ આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇશ્રી એ.આર.સુર્યવંશી તથા કર્મચારી નાઓએ વાસણા પોલીસ સ્ટેશન તેમજ અમદાવાદ શહેરના અન્ય પો.સ્ટે ખાતે દાખલ થયેલા વાહન ચોરીના ગુનાઓના આરોપીને તેની આવી ગુનાહિત પ્રવુત્તિ કરતા અટકાવવા સારુ તેની વિરુધ્ધ પાસા અટકાયતી જેવા પગલા લેવા માટે સુચના આપવામાં આવેલ જે આધારે આરોપી સીકંદર ઉર્ફે કાળીયો સ/ઓ સુલતાનભાઇ પેરૂભાઇ કુરેશી ઉ.વ.૨૬ રહે. અમન સૈયદના મકાનમા ભાડેથી ૩૦૩,ખ્વાજા ફ્લેટ લોખંડવાલા પાર્ટી પ્લોટ સામે ફતેવાડી અમદાવાદ શહેરનો ગુનાહિત ઇતિહાસ ધરાવતો હોય તેની આવી અસામાજીક પ્રવુત્તિઓ કરતા અટકાવવા સારુ આરોપી વિરુધ્ધમાં ધી ગુજરાત અસામાજીક પ્રવૃતી પ્રતિબંધ ધારા સને ૧૯૮૫ની કલમ ૩(૧) હેઠળ અટકાયતમાં લેવા મહે.પોલીસ કમિશ્નર શ્રી નાઓ પાસેથી પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૮૬/૨૦૨૦ તા.૧૮/૦૮/૨૦૨૦ નો મેળવેલ અને સદરી પાસા અટકાયતી પોતાની ધરપક્ડ ટાળવા નાસતો ફરતો હોય આરોપીની વોચમા રહી સર્વેલેન્સ સ્કોડ દ્વારા આરોપીને શોધી લાવી રજુ કરતા સદરી પાસા અટકાયતી સીકંદર ઉર્ફે કાળીયો સ/ઓ સુલતાનભાઇ પેરૂભાઇ કુરેશીને તા.૧૮/૦૮/૨૦૨૦ ના કલાક ૨૧/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને સુરત લાજપોર જેલ ખાતે અટકાયતમાં રહેવા સારુ મોકલી આપવામાં આવેલ છે.તા.૧૯/૦૮/૨૦૨૦

બાતમી હકીકત આપનાર કર્મચારીઓ-

(૧) અ.પો.કો વિજયસિંહ હનુભા

(૨)અ.પો.કો જીતેંદ્રસિંહ દશરથસિંહ

કામગીરી કરનાર કર્મચારીઓ

(૧)અ.પો.કો. તુષારગીરી રાજેંદ્રગીરી

(૨)અ.પો.કો. સંદિપ વિજયકુમાર

(૩)અ.પો.કો. વિજયભાઇ બનાભાઇ

પાસા અટકાયત કરેલ આરોપી



## એરપોર્ટ પોલીસ સ્ટેશનઃ-

# શરીર સબંધી ગુનાઓમાં પકડાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં શરીર સબંધી તથા મિલ્કત સબંધી ગુનાઓની પ્રવૃતીને અટકાવવા તથા આવી પ્રવૃતીમાં સંડોવાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સશ્રી કે.સી.રાઠવાનાઓએ મે.પો.કમિસાશ્રીનાઓના તરફ આરોપી પ્રદિપભાઈ ઉર્ફે જાડીયો સ/ઓ ઠાકોરભાઈ નારણદાસ જાતે ઠક્કર ઉ.વ.૪૨ ધંધો-વેપાર રહે.મનં.બી/૪૨ પરિવાર સોસાયટી પરિવાર ચાર રસ્તા પાસે વાઘોડીયા રોડ વડોદરા શહેર મૂળવતનઃ ગામ-કણભા, તા.બોરસદ જી-આણદ નાઓ વિરુધ્ધ પાસા દરખાસ્ત પાઠવેલ જે પાસા દરખાસ્ત અનુસંધાને મે.પો.કમિશ્રીનાઓના હુકમ ક્રમાંક-PCB/DTN/PASA/૫૭૦/૨૦૨૦ તા-૨૮/૦૭/૨૦૨૦ થી સદરી આરોપીને ખાસ જેલ સુરતનો હુકમ થયેલ સદરી આરોપીને ઉપરોક્ત પાસા હુકમની બજવણી આજરોજ તા-૧૮/૦૮/૨૦૨૦ ના રોજ કરી સુરત જેલ ખાતે કેદ રહેવા મોકલી આપવા તજવીજ કરેલ છે.

આરોપીઓનું નામ : પ્રદિપભાઈ ઉર્ફે જાડીયો સ/ઓ ઠાકોરભાઈ નારણદાસ જાતે ઠક્કર ઉ.વ.૪૨ ધંધો-વેપાર રહે.મનં.બી/૪૨ પરિવાર સોસાયટી પરિવાર ચાર રસ્તા પાસે વાઘોડીયા રોડ વડોદરા શહેર મૂળવતનઃ ગામ-કણભા, તા.બોરસદ જી-આણદ

આરોપી વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓ

એરપોર્ટ પો.સ્ટે પાર્ટ એ.ગુ.ર નં-11191046200115/2020, 116/2020, 117/2020

પાસા દરખાસ્તની કામગીરી કરનાર કર્મચારી :

પો.કો વિષ્ણુભાઇ પ્રેમજીભાઇ બ નં-૧૩૧૮૫.

અ.હે.કો મનુભાઇ ડાહ્યાભાઇ. પો.કો વિશ્વજીતસિંહ બળવંતસિંહ

આરોપીનો ફોટો



## સરદારનગર પોલીસ સ્ટેશનઃ- (૧)

## પ્રોહિબિશન સબંધી આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહિબિશન સબંધી ગુનાઓ થતા અટકાવવા કાર્યવાહી કરવા સુચના કરેલ હોય તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહિબિશન સબંધી ગુનાઓ કરેલ ઇસમ વિરૂધ્ધ સીની.પો.ઇંસ. એચ.બી.પટેલ તથા સેક.પો.ઇંસ. એમ.બી.બારડ નાઓના માર્ગદર્શન મુજબ **નાસીરભાઇ હમીરભાઇ શેખ ઉ.વ.૪૯ રહે- મુખી સોસાયટી, રામોલ ગામ, અમદાવાદ શહેર** વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૪૭૯/૨૦૨૦ તા-૧૫/૦૭/૨૦૨૦ આધારે સદરી આરોપીને તા-૧૯/૦૮/૨૦૨૦ ના કલાક - ૧૬/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા“ હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે.

તા- ૧૯/૦૮/૨૦૨૦

**પાસા અટકાયતીનુ નામ-**

નાસીરભાઇ હમીરભાઇ શેખ ઉ.વ.૪૯ રહે-મુખી સોસાયટી,રામોલ ગામ, અમદાવાદ શહેર



## **સરદારનગર પોલીસ સ્ટેશનઃ-**

### પ્રોહિબિશન સબંધી આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહિબિશન સબંધી ગુનાઓ થતા અટકાવવા કાર્યવાહી કરવા સુચના કરેલ હોય તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહિબિશન સબંધી ગુનાઓ કરેલ ઇસમ વિરૂધ્ધ સીની.પો.ઇંસ. એચ.બી.પટેલ તથા સેક.પો.ઇંસ. એમ.બી.બારડ નાઓના માર્ગદર્શન મુજબ **વિશાલભાઇ ચંપકલાલ રાઠોડ (છારા) ઉ.વ.૨૮ રહે- રામાપીર મંદીર પાસે મહાજનીયાવાસ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર** વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૬૮૮/૨૦૨૦ તા-૧૮/૦૮/૨૦૨૦ આધારે સદરી આરોપીને તા-૧૯/૦૮/૨૦૨૦ ના કલાક - ૧૬/૪૫ વાગે પાસા અટકાયત કરી પાસા“ હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે.

તા- ૧૯/૦૮/૨૦૨૦

### પાસા અટકાયતીનુ નામ-

વિશાલભાઇ ચંપકલાલ રાઠોડ (છારા) ઉ.વ.૨૮ રહે- રામાપીર મંદીર પાસે મહાજનીયાવાસ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૦૦/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૨૫૧ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૯૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૨ બીયરટીન, ૦૧ પીકપ ગાડી અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૮૯,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૦૧/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૪૦૨/૨૦૨૦

**રાણીપઃ** મનીષાબહેન પંકજભાઈ પંડ્યા (ઉ.વ.૬૦) (રહે. જીવરાજનગર સોસાયટી શાહીબાગ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૮/૨૦૨૦ બપોરના ૪/૪૫ થી સાજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચંદ્રેશ્વર મહાદેવ મંદીર આગળ કેશવનગર રાણીપ તથા શ્રી નાથ સ્ટેશનરી રાણીપની અંદર રાણીપ ખાતે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ ભેગા મળી મનીષાબહેનને માતાજીની બાધા કરવાનુ જણાવી મનીષાબહેન તથા સાહેદને માતાજીની બાધાના નામે લાલચ આપી મનીષાબહેને પહેરેલ સોનાની બંગડી કિમત રૂપિયા ૪૦,૦૦૦/-, સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- તથા સાહેદ પાસેથી સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૧૨,૦૦૦/- મળી દાગીના કિમત રૂપિયા ૯૭,૦૦૦/- કઢાવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.જી.સોલંકી ચલાવે છે.

**નિકોલઃ** અમીતકુમાર વિનોદચંદ્ર બારોટ (ઉ.વ.૩૦) (રહે.ઓમ શાંતી રેસીડેન્સી માનસી બંગ્લોઝ પાસે નીકોલ ગામ રોડ નીકોલ) એ તા.૧૮/૦૮/૨૦૨૦ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૨૦ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૩૩૦૧૫૯૪૨૪ ના ધારકે મનોજકુમાર નામ જણાવી અમીતકુમાર બારોટને ફોન કરી, "PAYTM કસ્ટમર કેરમાંથી બોલુ છુ, તમારૂ PAYTM KYC અધુરૂ છે તેમ જણાવી અમીતભાઇનો વિશ્વાસ કેળવી PAY સ્ટોરમાંથી QS નામની રીમોટ ડેસ્ક નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી મોબાઇલ ફોનનો કંટ્રોલ મેળવી PAYTM એપ્લીકેશનમાંથી અમીતભાઇનું ખાતામાંથી રૂપિયા ૪૯,૦૦૦/- PTM વોલેટમા નાંખી અલગ-અલગ પાંચ ટ્રાંજેક્શન મારફતે એર્ટેલ બેંકના ખાતામાં જમા કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૦૩/૨૦૨૦**

**કૃષ્ણનગરઃ** હસમુખભાઇ ભગવાનભાઇ દુમાણીયા (ઉ.વ.૪૪) (રહે. શાંન્તીનિકેતન સોસાયટી સરદાર ચોક કૃષ્ણનગર) એ તા.૧૮/૦૮/૨૦૨૦ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૮/૨૦૨૦ સવારના ૮/૦૦ થી તા.૦૯/૦૮/૨૦૨૦ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૯૧૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૪૦૪/૨૦૨૦**

**જીઆઈડીસી વટવાઃ** અંજનાબહેન મનુભાઈ વાળંદ (ઉ.વ.૫૭) (રહે. પુષ્કરહીલ ફ્લેટ ઈન્દ્રપુરી ટાઉનશીપની અંદર એમ.વી.એક્ટ પટેલ ફાર્મ પાસે જશોદાનગર) તા.૧૮/૦૮/૨૦૨૦ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે જશોદાનગર એમ.બી પટેલ ફાર્મની પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ અંજનાબહેનના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અંજનાબહેન વાળંદે જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

**ખોખરાઃ** રેણુકાબહેન નિલેષભાઇ પટેલ (ઉ.વ.૪૯) (રહે.ગામ-ઉબળથલ મોટી ખડકી તા-દસક્રોઇ જિલ્લો-અમદાવાદ) તા.૧૮/૦૮/૨૦૨૦ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે ખોખરા પંજાબ નેશનલ બેન્કની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક્ટીવા ઉપર આવેલ એક પુરૂષ રેણુકાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ રેણુકાબહેન પટેલે ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

ઈસનપુરઃ (૧) પુષ્પાબહેન નરેન્દ્રભાઈ મિશ્રા (ઉ.વ.૪૮) (રહે. હરીઓમ પાર્ક સોસાયટી સાંઈબાબા એપાર્ટમેન્ટ નજીક બચુભાઈ રોડ વટવા) તા.૧૮/૦૮/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે ઘોડાસર ગામ મ્યુનિસીપાલીટી ગાર્ડનની સામે હનુમાનજી મંદીર આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પુષ્પાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પુષ્પાબહેન મિશ્રાએ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

ઈસનપુરઃ (૨) પ્રતિમાબહેન ચંદ્રકાંતભાઈ ચુનારા (ઉ.વ.૩૮) (રહે.આશાપુરીનગર દેવીમાતાના મંદીર પાસે ઓમ શાંતિનગર પ્લસ થ્રીની સામે વટવા) તા.૧૮/૦૮/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ઈસનપુર બ્રીજ ઉપરથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પ્રતિમાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રતિમાબહેન ચુનારાએ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

## બીજા માળેથી પડી જતાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૪૦૫/૨૦૨૦

ઓઢવ : ઓઢવ રિંગ રોડ રોયલ હોટલના ખાંચામાં શ્રીધર સ્પર્શ ખાતે રહેતા અને ત્યા જ કામ સાઈટ પર કામ કરતા દિલીપભાઇ કાંન્તીભાઇ પણદા (ઉ.વ.૧૯) (મુળ વતન-ગામ જોધપુર/શેખપુર તા-શહેરા જી-પંચમહાલ) તા.૧૭/૦૮/૨૦૨૦ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે સાઇટ ઉપર બીજા માળે કામ કરતા હતા ત્યારે બીજા માળેથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને નીકોલ “પામ હોસ્પીટલ” ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૮/૨૦૨૦ કલાક ૧૧/૫૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાંતીલાલ જીવાજી ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૪૦૬/૨૦૨૦

રીવરફ્રન્ટ વેસ્ટઃ અશોકભાઈ બચુભાઈ સોની (ઉ.વ.૪૮) (રહે.વૃન્દાવન રો હાઉસ સ્મૃતિ બિંદુ પાર્ટ પાછળ ઘોડાસર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૮/૨૦ કલાક ૯/૧૦ વાગ્યા પહેલા રીવરફરન્ટ પુર્વ તરફના ભાગે બાબા લબલબની દરગાહ પાછળ, રીવરફરન્ટ રેમ્પ નજીક નદીમા ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઈ સબુરભાઇ ચલાવે છે.

નરોડાઃ જાનકીબહેન ઉર્ફે નિમીશાબહેન ડો/ઓ મગનભાઇ ચૌહાણ (ઉ.વ.૨૧) (રહે. સ્વામિનારાયણ પાર્ક, હરિદર્શન ચાર રસ્તા પાસે, નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૮/૨૦ સાજના ૫/૩૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેન્દ્રસિહ મનુભા ચલાવે છે.

ઓઢવઃ કૃષ્ણ નાગજીરામ વાઘેલા (ઉ.વ.૨૧) (રહે.અંબીકાનગર ગણેશનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૮/૨૦૨૦ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૪/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશભાઇ લાભુભાઇ ચલાવે છે.

દાણીલીમડાઃ નરેશભાઇ કેશવભાઇ પરમાર (ઉ.વ.૩૪) (રહે.દુધાભાઇની ચાલી ચેપી રોગ હોસ્પિટલ સામે પીરાણા રોડ બહેરામપુરા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૮/૨૦૨૦ રાતના ૮/૦૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ધાસુરા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી